








**મૈ તો શણગાર્યો ચાચર ચોક... માડી રમવા આવોને...**

નવરાત્રી અંતિમ ચરણમાં પહોંચતા આઠમા નવલાં નોરતે માં અંબેની આરાધનાનો પવિત્ર પર્વ નવરાત્રીમાં હજ્જારોની સંખ્યામાં યુવાધન ગરબાના તાલે ઘૂમી રહ્યા છે. મોડાસા શહેર સહીત જીલ્લાના ગરબાના ગ્રાઉન્ડમાં નવરાત્રીના અંતિમ ચરણની હર્ષોલ્લાસ સાથેની ઉજવણીમાં કીડિયાર- ઉભરાઈ ગયું હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

# પ્રાંતિજના પિલુદા ખાતે સમૂહ આરતી યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પિલુદા ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ નવરાત્રી ચોકમાં હવન તથા રાત્રીના સમયે સમુહ આરતી યોજાઈ હતી.

પિલુદા ખાતે આવેલ તપોધન ફળીમાં રહેતાં તપોધન બ્રાહ્મણ રાવલ સમાજના ભાઈઓ દ્વારા વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ અંકબંધ છે અને આઠમના દિવસે બહારગામ રહેતાં રાવલ સમાજના ભાઈઓ પિલુદા ખાતે અવશ્ય આવે છે અને નવરાત્રી યુવક મંડળ તથામાં



ચેહરમાતાના ઉપાસક અને માઈભકત મનુભાઈ રાવલ, પ્રકાશભાઈ રાવલ, પરેશભાઈ રાવલ, મુકેશભાઈ રાવલ સહિત યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી ચોકમાં હવનનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રીનાં સમયે સમુહ આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જયારે રાવલ સમાજના ભાઈઓ દ્વારા હવનના દર્શન કરી રાત્રીનાં સમયે સમુહમાં નવરાત્રી ચોકમાં મા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી જયારે રાવલ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે તપોધન ફળી ખાતે રહેતાં રાવલ સમાજ ઘરે ઘરે જઈને પ્રથા મુજબ હવનનો ધુપ ઘરે ઘરે લઈ જવામા આવ્યો હતો અને કકળાટ દુર કર્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ધામધૂમપૂર્વક વિજયાદશમીની ઉજવણી : પ્રજાજનોએ ફાફડા-જલેબીની લિજ્જત માણી

આસુરી તત્વો ઉપર શક્તિનો વિજય દશેરાની મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. મોડાસા શહેરમાં વિજ્યાદહન પૂર્વે શહેરના માર્ગો પરથી નીકળેલ ભવ્ય શોભાયાત્રા અને શાસ્ત્રી મેદાન પર ૪૫ ફૂટ ઉંચા રાવણનું દહન નિહાળવા નગરજનો અને આજુબાજુના ગ્રામજનો પહોંચતા કીડિયારું ભરાયું હતું.

દશેરા નીમીત્તે અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર લાગેલા ફાફડા-જલેબીના સ્ટોલ અને દુકાનો પરથી ખરીદી કરી જિલ્લાવાસીઓએ જયાફત ઉડાવી હતી. મોંઘવારીનું ગ્રહણ ભૂલી લોકોએ લાખ્ખો રૂપિયાના ફાફડા-જલેબી આરોગ્યા હતા. અરવલ્લી જીલ્લાના મોડાસા, માલપુર મેઘરજ સહીત ગ્રામ્ય વિસ્તારોમાં શસ્ત્ર પૂજન વિધિ



યોજાઈ હતી. જેમાં રાજપૂત સમાજ સહીત ક્ષત્રિય ઠાકોર સમાજ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પણ શસ્ત્ર પૂજાનું આયોજન કરતાં શસ્ત્રાધરી લોકો શસ્ત્ર પૂજનવિધીમાં જોડાયા હતા.








હિંમતનગરમાં અષ્ટમી નોરતે અનેક વિસ્તારોમાં થતી માંડવળીઓમાં ભારે ભીડ જોવા મળી હતી. જયારે પોલીસ પરેડ ગ્રાઉન્ડ, સરગમ અને સૂર્યોદય પાર્ટી પ્લોટમાં રંગબેરંગી ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને પોતાની આગવી અદામાં ગરબે ઘૂમ્યા હતા. ખેલૈયાઓએ તિરંગા સાથે દેશભક્તિ અને ઉડે રે ગુલાલ... સાથે ફાગણીઓ ગરબો અબીલ ગુલાલની છોડો ઉડાડી ભવ્ય આતશબાજી કરી હતી.